**‘ભથ્થાની લહાણી’નું મસમોટું કૌભાંડ | છેલ્લા ૩ વર્ષથી ચાલતા આર્થિક વહીવટનો આક્ષેપ**

# કપડવંજ આરોગ્ય વિભાગમાં સોફ્ટવેર સાથે છેડછાડ કરીસરકારીતિજોરીનેચૂનોલગાડ્યો!

**માનીતાઓને** બમણું વાહન ભથ્થું ચુકવાયાંની ચર્ચા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

ખેડા જિલ્લા પંચાયત હસ્તકની કપડવંજ તાલુકા હેલ્થ ઓફિસમાં છેલ્લા ત્રણ વર્ષથી સરકારી નિયમોનો સરેઆમ ઉલાળિયો કરી પગાર બિલોમાં વ્યાપક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. તાલુકા હેલ્થ ઓફિસરની સત્તાના દુરુપયોગ હેઠળ મળતિયા કર્મચારીઓને ગેરકાયદેસર રીતે બમણું વાહન ભથ્થું ચૂકવી અને હકદાર અધિકારીઓને અન્યાય કરી ખાનગી રાહે આર્થિક વહીવટ ચલાવવામાં આવી રહ્યો હોવાના પણ ગંભીર આક્ષેપો ઉઠ્યા છે.

આજના ડિજિટલ યુગમાં જ્યારે સરકારી પગારની ગણતરી ‘પ્રાઈસા’ (Prysa) સોફ્ટવેર દ્વારા કરવામાં આવે છે, ત્યારે કપડવંજમાં આ સોફ્ટવેરમાં પણ મેન્યુઅલ છેડછાડ કરીને કૌભાંડ આચરવામાં આવ્યું છે. જાન્યુઆરી 2025 ના બિલ નંબર 000928 ની તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, પે લેવલ-9 ધરાવતા સુપરવાઈઝર કક્ષાના અધિકારીઓને નિયમ મુજબ 3600 રૂપિયા વાહન ભથ્થું મળવાપાત્ર હોવા છતાં તેમને માત્ર 1800 રૂપિયા જ ચૂકવાયા છે. બીજી તરફ, પે લેવલ-6 ધરાવતા સામાન્ય વર્કરોને 1800 રૂપિયાને બદલે 3600 રૂપિયાની લહાણી કરી દેવામાં આવી છે. આ સમગ્ર ખેલ પાછળ માનીતા કર્મચારીઓ પાસેથી માસિક 1000 રૂપિયાનો ફિક્સ ‘વહીવટ’ લેવાતો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

આ કૌભાંડમાં માત્ર ભથ્થા જ નહીં, પરંતુ કર્મચારીઓના હોદ્દા અને પગારના સ્કેલમાં પણ ગરબડ કરવામાં આવી છે. એક કર્મચારીનો બેઝિક પગાર 46,800 રૂપિયા હોવા છતાં સોફ્ટવેરમાં તેમનો પે-સ્કેલ વર્ગ-4 ના કર્મચારી મુજબ દર્શાવવામાં આવ્યો છે. ઓનલાઈન સિસ્ટમમાં આવી ભૂલ આપમેળે ન થઈ શકે, જે લોગિન આઈડીનો ઉપયોગ કરી ડેટા સાથે છેડછાડ થઈ હોવાનું સ્પષ્ટ કરે છે. નવાઈની વાત એ છે કે, ટ્રેઝરી કચેરીના ઓડિટમાં પણ આ વિસંગતતા પકડાઈ નથી, જેનાથી મિલીભગતની આશંકા પ્રબળ બની છે. બીજી તરફ આ મુદ્દો આરોગ્ય વિભાગમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. આ મામલે જિલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી કડક ઓડિટ કરાવી જવાબદારો સામે કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

### જીઆર મુજબ જ કામગીરી થાય છે

આ સમગ્ર મામલે કપડવંજ તાલુકા હેલ્થ ઓફિસર ડો. અંકુર પટેલે જણાવ્યું હતું કે, “અમારા ત્યાં એકમાત્ર વિકલાંગ કર્મચારી છે, જેને નિયમાનુસાર 3600 રૂપિયા ચૂકવાય છે. અમે નિયમોનુસાર જ ભથ્થા ચૂકવીએ છીએ અને કોઈની સાથે ભેદભાવ કરાતો નથી. જો કોઈ કર્મચારીને ફરિયાદ હોય તો તે અમને રૂબરૂ મળી શકે છે.”

# ચરોતરમાં પાંચ દિવસ હળવાથી મધ્યમ વરસાદ પડવાનો વર્તારો

**પશુધનને** વીજળી-વરસાદથી સુરક્ષિત રાખવા માર્ગદર્શિકા જાહેર



(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવેલા બુલેટિન મુજબ, આણંદ જિલ્લામાં આગામી પાંચ દિવસ દરમિયાન આકાશ મુખ્યત્વે વાદળછાયું રહેશે અને છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન મહત્તમ તાપમાન ૩૩ થી ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૬ થી ૨૭ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે. પવનની ગતિ ૧૬ થી ૨૪ કિમી/કલાકની રહેશે, જે ખેતીકાર્યો માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે.

આણંદમાં ડાંગરનું વાવેતર કરનારા ખેડૂતોને ધરૂવાડિયામાં લોહતત્વની ઉણપને કારણે પાન પીળા પડતા હોય તો ૧૦ લિટર પાણીમાં ૪૦ ગ્રામ ફેરસ સલ્ફેટ અને ૨૦ ગ્રામ ચૂનાનું મિશ્રણ બનાવી છંટકાવ કરવો. ૨૫ થી ૩૦ દિવસના ધરૂની ફેરરોપણી કરવાની સલાહ છે. તેવી જ રીતે બાજરીમાં વાવણી લાયક વરસાદ થયા બાદ તુરંત જ વાવણી કરવા ભલામણ કરવામાં આવી છે.

આ ઉપરાંત પશુપાલકો માટે સાવચેતી વરસાદ અને મેઘગર્જના દરમિયાન પશુઓને શેડમાં સુરક્ષિત જગ્યાએ રાખવા, ચોમાસાની શરૂઆતમાં પશુઓને ગળસૂંઢો અને ખરવા-મોવાસા જેવા રોગો સામે સમયસર રસી મુકાવવી અત્યંત જરૂરી છે. વરસાદમાં ઘાસચારો પલળે નહીં તેની તકેદારી રાખવા તાકીદ કરવામાં આવી છે.

# ખેડાનાનવાગામમાંજુગાર રમતા૧૦શખસઝડપાયા

**પોલીસે રૂ. ૨૮,૭૪૦ની** રોકડ અને જુગારના સાધનો જપ્ત કર્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

ખેડા ટાઉન પોલીસે નવાગામમાં હાઈસ્કૂલ સામે ખુલ્લી ઓસરીમાં જુગાર રમતા ૧૦ જુગારીયાઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી જુગારના સાધનો અને કુલ રૂ. ૨૮,૭૪૦ની રોકડ કબજે કરી તમામ શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ખેડા ટાઉન પોલીસની ટીમ ગત રાત્રે પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે નવાગામમાં અંબે માતાના મંદિર પાસે, હાઈસ્કૂલની સામે મનુભાઈ સોમાભાઈ જાદવના મકાનની ઓસરીમાં કેટલાક લોકો પત્તા પાનાનો હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા જુગારની રમત જામી હતી.

પોલીસે ઘટનાસ્થળેથી મનુભાઈ સોમાભાઈ જાદવ, સંજેશભાઈ ઉર્ફે એસ.કે. કહાર, શૈલેષભાઈ પરમાર, સફિમીંયા મલેક, અકબરઅલી સૈયદ, કાળુભાઈ ઉર્ફે જાડીયો વાઘેલા, રામસિંગભાઈ ઉર્ફે શનાભાઈ મહિડા, પંકજભાઈ ઉર્ફે પટ્ટો પરમાર, શૈલેષભાઈ રબારી તેમજ જાવેદહુસૈન શેખને ઝડપી લીધા હતા. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ખેડા પોલીસના આ દરોડાથી જુગાર રમતા શખસોમાં ફફડાટ ફેલાયો છે.

**આણંદ આરટીઓમાં ‘ડિજિટલ’ અંધેર નગરી અને ગંડુ રાજા જેવો ઘાટ સર્જાતા રોષ**

# આણંદઆરટીઓમાંટેકનોલોજીનાનામે અરજદારોનુંઆર્થિક-માનસિકશોષણ!

**એઆઈ ટ્રેક પર** ‘ઝાડના પડછાયા’એ વાહનચાલકોને કર્યા નપાસ!

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

સરકાર દ્વારા વહીવટમાં પારદર્શિતા લાવવા માટે ‘ફેસલેસ’ અને ‘પેપરલેસ’ સિસ્ટમના બણગાં ફૂંકવામાં આવે છે, પરંતુ આણંદ આરટીઓ કચેરીમાં વાસ્તવિકતા કંઈક અલગ જ છે. અહીં અધિકારીઓના મનસ્વી ફતવા અને ખોરવાયેલી ટેકનોલોજીને કારણે સામાન્ય જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. ગત ૧૫મી જુલાઈથી સિસ્ટમ ખોરવાઈ જતાં કામગીરી ઠપ્પ જેવી સ્થિતિમાં છે, જેના કારણે અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આણંદમાં ટેકનોલોજી ક્યારેક કેવી રમુજ અને મુશ્કેલી ઉભી કરી શકે તેનું ઉત્તમ ઉદાહરણ આરટીઓનો એઆઈ ટ્રેક છે. આશ્ચર્યજનક રીતે, ટ્રેકની નજીક આવેલા ઝાડનો પડછાયો સેન્સર પર પડતા સેન્સરે વાહન ચાલકને નપાસ જાહેર કર્યો હોવાની ઘટના સામે આવી છે. એઆઈ ટ્રેક આવવાથી મોટાભાગના વાહન ચાલકો નપાસ થઈ રહ્યા છે, જેના કારણે ભ્રષ્ટાચાર વધવાની ભીતિ સેવાઈ રહી છે.

આણંદ આરટીઓમાં લાયસન્સ માટેની એપોઈન્ટમેન્ટ જાણે અધિકારીઓએ ‘લોક’ કરી દીધી હોય તેમ બે-બે મહિના સુધીનું વેઈટિંગ જોવા મળી રહ્યું છે. સાત દિવસમાં મળવાપાત્ર લાયસન્સ બે મહિના સુધી એપ્રૂવ થતા નથી. સૌથી વધુ હાલાકી વિદેશ જતા વિદ્યાર્થીઓ અને એનઆરઆઈ લોકોને પડી રહી છે, જેમની ફ્લાઈટની તારીખો નક્કી હોય છે પરંતુ ડ્રાઈવિંગ ટેસ્ટની એપોઈન્ટમેન્ટ મળતી નથી.

બીજી તરફ આધાર કાર્ડમાં એઆઈ સિસ્ટમ આવતા સહી મેચ ન થવાની ફરિયાદો પણ વ્યાપક બની છે. આણંદ આરટીઓની આ લાલિયાવાડી સામે ઉચ્ચ સ્તરેથી તપાસ થાય અને સિસ્ટમમાં સુધારો કરવામાં આવે તેવી ઉગ્ર માંગ છે.

### વિચિત્ર ‘લૂપ’: આરસી માટે પીયુસી જોઈએ અને પીયુસી માટે આરસી!

આરટીઓનો વહીવટ કેટલો ખાડે ગયો છે તેનો પુરાવો એ છે કે, આરસી બુક નંબર અપડેટ કરવા માટે સિસ્ટમ પીયુસીની તારીખ માંગે છે, અને પીયુસી સેન્ટર પર જાવ તો ત્યાં આરસી બુક નંબર માંગવામાં આવે છે. આ ‘ચકરડી’માં અરજદારો અહીં-તહીં અથડાયા કરે છે પણ ઉકેલ મળતો નથી.

# ઉત્તરસંડામાંજાહેરમાંજુગાર રમતાં છ શખસ પકડાયાં

**સમડી વિસ્તારમાં** ખુલ્લામાં પત્તાનો જુગાર રમતા હતાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

વડતાલ પોલીસે ઉત્તરસંડા ગામના સમડી વિસ્તારમાં સફળ દરોડો પાડીને જાહેરમાં જુગાર રમતા છ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે. પોલીસે આ કાર્યવાહી દરમિયાન રોકડ રકમ અને જુગારના સાધનો કબજે કરીને તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વડતાલ પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે ઉત્તરસંડાના સમડી વિસ્તારમાં કેટલાક લોકો જાહેરમાં એકઠા થઈ હાર-જીતનો પત્તા પાનાનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન પરષોત્તમભાઈ ઉર્ફે પશાભાઈ જેણાભાઈ પરમાર, જશુભાઈ છોટાભાઈ વાઘેલા, પ્રવિણભાઈ રઈજીભાઈ ઠાકોર, નઝીર મંહમદ નુર મંહમદ વ્હોરા, છત્રસિંહ રાવજીભાઈ પરમાર, રાવજીભાઈ ધુળાભાઈ ઠાકોરને પકડી પાડ્યાં હતાં. પોલીસે આ શખસો પાસેથી રૂ. 2,600ની રોકડ અને જુગાર રમવાના સાધનો કબજે કર્યા છે.

વડતાલ પોલીસે આ અંગે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પત્તા પાનાના જુગારની બદી ફુલી ફાલી છે. આ અંગે સ્થાનિક પોલીસ ઉપરાંત એજન્સી દ્વારા કડક પગલાં ભરાય તે જરૂરી બન્યુ છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ગળતેશ્વરના મીઠાના મુવાડા ગામના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે સણસોલી ખાતે તાલીમ અપાઈ

**સેવાલિયા |** નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના હેઠળ ખરીફ ઋતુ પૂર્વે ખેડૂતોને ગાય આધારિત કુદરતી ખેતી અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૃષિ વૈજ્ઞાનિકોએ બીજામૃત અને જીવામૃત જેવી પદ્ધતિઓ દ્વારા જમીનની ફળદ્રુપતા વધારવા અને ભેજ સંગ્રહ કરવા અંગે પ્રાયોગિક સમજ આપી હતી. પાક સંરક્ષણ માટે રાસાયણિક દવાઓના વિકલ્પ તરીકે નીમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર અને ખાટી છાશ જેવા પ્રાકૃતિક ઉપાયોના ઉપયોગ પર ભાર મૂકાયો હતો. આ તાલીમમાં ખેડૂતોને પર્યાવરણમૈત્રી ખેતી પદ્ધતિ અપનાવવા પ્રોત્સાહિત કરાયાં હતાં.



### દેવાતજ કેવીકે ખાતે આઇ.સી.એ.આર. સ્થાપના દિવસ નિમિત્તે ખેડૂત તાલીમ યોજાઇ



**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ કેવીકે અને આત્મા પ્રોજેક્ટ દ્વારા સંયુક્ત રીતે આઇ.સી.એ.આર. સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો. જી. સી. ભાલોડીની પ્રેરક ઉપસ્થિતિમાં આણંદ જિલ્લાના વિવિધ તાલુકાના ૭૧ ખેડૂત ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કેવીકેના વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને ઝેરી જંતુનાશકોની આડઅસર સમજાવી, ખેતી ખર્ચ ઘટાડવા અને પર્યાવરણની સુરક્ષા માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજ કેળવણી મંડળ સંચાલિત જડાવબા શિશુ કેન્દ્રમાં ‘રેડ ડે’ની શાનદાર ઉજવણી કરાઇ

**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ‘રેડ ડે’ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના નાના ભૂલકાઓએ ખૂબ જ ઉમંગ અને ઉત્સાહપૂર્વક ભાગ લઈને સમગ્ર ઉજવણીને સફળ બનાવી હતી. સંસ્થા દ્વારા બાળકોના ઘડતર માટે અભ્યાસની સાથે સાથે વર્ષ દરમિયાન વિવિધ તહેવારો અને ઇતર પ્રવૃત્તિઓનું પણ સુંદર આયોજન કરવામાં આવે છે. આ પ્રકારના કાર્યક્રમો દ્વારા બાળકોને શિક્ષણની સાથે મનોરંજન અને પ્રવૃત્તિમય રાખવાનો સંસ્થાનો મુખ્ય અભિગમ રહ્યો છે.



### ફાગવેલ તાલુકા ભાજપના મહામંત્રી તરીકે રાજેશભાઈ પટેલ અને જીતેન્દ્રસિંહ રાઠોડની વરણી કરાઇ

**કપડવંજ |** ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ નયનાબેન પટેલ અને સંગઠનના હોદ્દેદારો સાથેની પરામર્શ બાદ ફાગવેલ તાલુકા ભાજપના મહામંત્રી તરીકે રાજેશભાઈ પટેલ અને જીતેન્દ્રસિંહ રાઠોડની નિમણૂક કરવામાં આવી છે. આ વરણીને પંચમહાલના સાંસદ રાજપાલસિંહ યાદવ અને ધારાસભ્ય માનસિંહ ચૌહાણ સહિતના અગ્રણીઓએ આવકારીને અભિનંદન પાઠવ્યા છે. તાલુકા ભાજપના સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરોમાં આ નિમણૂકને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લા પ્રભારી રમેશભાઈ દેસાઈ અને ઝોન મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ સાથેની ચર્ચા-વિચારણાના અંતે આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.




### કપડવંજના વ્યાસવાસણા પે સેન્ટર શાળામાં ‘બાળ સંસદ’ની ડિજિટલ ચૂંટણી યોજાઇ



**કપડવંજ |** કપડવંજની વ્યાસવાસણા શાળામાં NEP 2020 અંતર્ગત વિદ્યાર્થીઓમાં લોકશાહીના મૂલ્યો અને નેતૃત્વ વિકસાવવા ડિજિટલ પદ્ધતિથી ‘બાળ સંસદ’ની ચૂંટણીનું ભવ્ય આયોજન કરાયું હતું. આચાર્ય કનુભાઈ પ્રજાપતિની આગેવાની અને શિક્ષક રવિન્દ્રભાઈ પંચાલના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક, આધુનિક અને બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર રહી હતી. ચૂંટણીના પરિણામોમાં તેજસ્વી વિદ્યાર્થી જીત હસમુખભાઈ પરમાર પ્રચંડ બહુમતી સાથે વિજેતા બનતા તેમની સર્વાનુમતે ‘બાળ મહામંત્રી’ તરીકે વરણી કરવામાં આવી છે.

### સરદાર પટેલ યુનિવર્સિટીમાં નવા એમએડ્ અભ્યાસક્રમ માટે અભિમુખતા કાર્યક્રમ યોજાયો

**આણંદ |** વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અન્વયે ‘આઉટકમ બેઝ્ડ એજ્યુકેશન’ આધારિત નવા M.Ed. અભ્યાસક્રમ અંગે ઓરિએન્ટેશન કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.. કુલપતિએ આ પ્રસંગે શિક્ષણને પારદર્શક અને વિદ્યાર્થી કેન્દ્રિત બનાવવા પર ભાર મૂકી, OBE દ્વારા વિદ્યાર્થીઓમાં કૌશલ્ય અને વ્યાવસાયિક ક્ષમતા વિકસાવવાની જરૂરિયાત સમજાવી હતી. પ્રો. અલ્કા મેકવાન સહિતના નિષ્ણાતોએ પ્રોગ્રામ આઉટકમ્સ અને નવી મૂલ્યાંકન પદ્ધતિ અંગે સંલગ્ન ત્રણ કોલેજોના અધ્યાપકોને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



### આણંદના ઓડ ગામમાં કરમસદ મેડિકલ કોલેજ દ્વારા આયુષ્માન મેગા હેલ્થ કેમ્પ યોજાયો



**આણંદ |** આણંદના ઓડ સરકારી દવાખાનામાં નિષ્ણાંત તબીબો દ્વારા વિવિધ રોગોનું નિદાન અને નિ:શુલ્ક સારવાર કરવામાં આવી હતી. સ્ત્રી રોગ, ચામડી, આંખ અને બાળકોના નિષ્ણાંતોએ મોટી સંખ્યામાં જરૂરિયાતમંદ દર્દીઓની તપાસ કરી માર્ગદર્શન આપ્યું હતું. આ કેમ્પમાં શહેર ભાજપ પ્રમુખ હિરેનભાઈ પટેલ અને આરોગ્ય ચેરમેન ભાવનાબેન સહિતના સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કરમસદ મેડિકલ કોલેજના સહયોગથી આયોજિત આ કેમ્પનો ઓડ શહેરના અનેક દર્દીઓએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.

### ઠાસરાના ચેતરસુંબાની દીકરીને મહિલા સશક્તિકરણની એક મહિનાની ઝુંબેશ સફળ



**ઠાસરા |** ઠાસરાના ચેતરસુંબા ગામની દીકરીને ન્યાય અપાવવા નારી જનશક્તિ વિકાસ ફાઉન્ડેશનના અધ્યક્ષ સરોજબેન ભોઈ દ્વારા હાથ ધરાયેલી એક મહિનાની જહેમત રંગ લાવી છે. આ ઝુંબેશમાં સદભાવના ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ પ્રતિમાબેન પરમાર તેમજ ગામના સરપંચ અને સ્થાનિક આગેવાનોનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો. અંતે દીકરીને ન્યાય મળતા સરોજબેને તમામ સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### સંતરામપુરના કેશ ક્રેડિટ કેમ્પમાં ૩૧ સખી મંડળોને ૮૭.૭૦ લાખના ધિરાણની ભેટ અપાઇ

**સંતરામપુર |** સંતરામપુર તાલુકા પંચાયત ખાતે રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન હેઠળ મહિલાઓને આર્થિક રીતે સધ્ધર બનાવવા ભવ્ય કેશ ક્રેડિટ કેમ્પ યોજાયો હતો. તાલુકા પ્રમુખ શ્રીમતી રજનીતાબેન તાવિયાડના અધ્યક્ષ સ્થાને ૩૧ સખી મંડળોને □૮૭.૭૦ લાખની લોન અને □૧૦ લાખનો સેન્શન લેટર એનાયત કરાયો હતો. મહિલાઓ ખાનગી ધિરાણકારોના ઊંચા વ્યાજદરના ચક્રમાંથી બહાર આવે અને આત્મનિર્ભર બને તે માટે આ કેમ્પમાં વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે બહેનોને વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરી પરિવારને ટેકો આપવા અને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



**જાહેર હરાજી**
આથી લાગતા વળગતા રસ ધરાવતા તમામ ઈસમોને જણાવવાનું કે, મોજે ગામ. ફિણાવ તા.ખંભાત જી.આણંદ ખાતે આવેલ ફિણાવ ગ્રામ પંચાયત હસ્તકની બાધરપુરા વિસ્તારમાં આવેલ જર્જરીત પાણીની ટાંકી તોડી કાટમાળ સાથે ઉતારી પાડવાની હોઈ જેની જાહેર હરાજી તા.૨૪/૭/૨૦૨૬ને શુક્રવારે બપોરે ૨ : ૦૦ કલાકે ફિણાવ ગ્રામ પંચાયત ખાતે રાખવામાં આવેલ છે.જેની અપસેટ કિંમત રૂ. ૧૦૬૦/- નક્કી થયેલ છે.જાહેર હરાજીમાં ભાગ લેનાર ઈસમને ડીપોઝિટ પેટેની રકમ રૂ.૨૦૦૦/- હરાજી શરૂ થયા પહેલા જમા કરાવવાની રહેશે.જાહેર હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા વ્યક્તિઓને નિયત તારીખ અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે.હરાજીની શરતો હરાજી સમયે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
તારીખ : ૨૪/૭/૨૦૨૬ને શુકવાર • સમય : બપોરે ૨ : ૦૦ કલાકે
સ્થળ : ફિણાવ ગ્રામ પંચાયત, તા.ખંભાત, જી.આણંદ.
લિ. સરપંચ અને તલાટી કમ મંત્રી શ્રી
ફિણાવ ગ્રામ પંચાયત, તા.ખંભાત, જી. આણંદ.

**જાહેર હરાજી**
આથી લાગતા વળગતા રસ ધરાવતા તમામ ઈસમોને જણાવવાનું કે, મોજે ગામ.ફિણાવ તા.ખંભાત જી.આણંદ ખાતે ફિણાવ ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં આવેલ વણકરવાસ,આંટા વિસ્તાર તથા વિજયપુરા વિસ્તારની જર્જરીત આંગણવાડીનું મકાન કાટમાળ સાથે ઉતારી પાડી સમતળ કરવાનું હોઈ જેની જાહેર હરાજી તા.૨૪/૭/૨૦૨૬ને શુક્રવારના રોજ બપોરે ૨ : ૦૦ કલાકે ફિણાવ ગ્રામ પંચાયત ખાતે રાખવામાં આવેલ છે.જેમાં ક્રમશ : આંગણવાડીની અપસેટ કિંમત રૂ.૧૪૫૦/-, રૂ.૧૩૬૦/-, રૂ.૧૦૨૦/- નક્કી થયેલ છે.જાહેર હરાજીમાં ભાગ લેનાર ઈસમને ડિપોઝીટ પેટેની રકમ પ્રત્યેક આંગણવાડી પેટે રૂ.૨૦૦૦ હરાજી શરૂ થયા પહેલા જમા કરાવવાની રહેશે.જાહેર હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા વ્યક્તિઓએ આધારકાર્ડ સાથે નિયત તારીખ અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીની શરતો હરાજી સમયે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
તારીખ : ૨૪/૭/૨૦૨૬ને શુકવાર • સમય : બપોરે ૨ : ૦૦ કલાકે
સ્થળ : ફિણાવ ગ્રામ પંચાયત, તા.ખંભાત, જી.આણંદ.
લિ. સરપંચ અને તલાટી કમ મંત્રી શ્રી
ફિણાવ ગ્રામ પંચાયત, તા.ખંભાત, જી. આણંદ.

**જાહેર હરાજી**
આથી લાગતા વળગતા રસ ધરાવતા તમામ ઈસમોને જણાવવાનું કે, મોજે ગામ. ફિણાવ તા.ખંભાત જી.આણંદ ખાતે આવેલ ફિણાવ ગ્રામ પંચાયતને સને - ૨૦૧૭-૧૮ જિલ્લા પંચાયતના સ્વ ભંડોળ તરફથી મળેલ પાણીના ટેન્કરની જાહેર હરાજી તા.૨૪/૭/૨૦૨૬ને શુક્રવારે બપોરે ૨ : ૦૦ કલાકે ફિણાવ ગ્રામ પંચાયત ખાતે રાખવામાં આવેલ છે.જેની અપસેટ કિંમત રૂ. ૭૦,૦૦૦/- નક્કી થયેલ છે.જાહેર હરાજીમાં ભાગ લેનાર ઈસમને ડીપોઝિટ પેટેની રકમ રૂ.૧૦,૦૦૦/- હરાજી શરૂ થયા પહેલા જમા કરાવવાની રહેશે.જાહેર હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા વ્યક્તિઓને નિયત તારીખ અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે.હરાજીની શરતો હરાજી સમયે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
તારીખ : ૨૪/૭/૨૦૨૬ને શુકવાર • સમય : બપોરે ૨ : ૦૦ કલાકે
સ્થળ : ફિણાવ ગ્રામ પંચાયત, તા.ખંભાત, જી.આણંદ.
લિ. સરપંચ અને તલાટી કમ મંત્રી શ્રી
ફિણાવ ગ્રામ પંચાયત, તા.ખંભાત, જી. આણંદ.